# ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ

## (જીઆઇડીબી)માં

## પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડ આઉટસોર્સિંગ ધોરણે પુરા પાડવા અંગેનું ટેન્ડર ફોર્મ

# નિયત નમુનાનું ફોર્મ

ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ

બ્લોક નં. ૧૮,૮મો માળ, ઉધોગભવન, ગાંધીનગર.

ફોન નં. ૦૭૯-૨૩૨૩૨૭૦૧/૪

- ગુજરાત સરકારનુ બોર્ડ ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ(જીઆઇડીબી) દ્વારા તેની ઑફિસમાં નોન-ટેક્નીકલ મેનપાવર(પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડ) મેળવવા માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ઑનલાઇન ટેન્ડર મંગાવવામા આવે છે. આ ટેન્ડર https://gem.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

| | |
|---|---|
| ટેકનીકલ બિડ ખોલવાનુ સ્થળ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ (જીઆઇડીબી), બ્લોક નં. ૧૮, ૮મો માળ, ઉધોગભવન,સેક્ટર 11, ગાંધીનગર- 382011. |
| **ટેક્નીકલ બીડ,ઇ.એમ.ડી અને બીજા ટેક્નીકલ ડૉક્યુમેંન્ટ ફિઝિકલ રૂબરૂ જમા કરાવવાની છેલ્લી તારીખ, સમય અને સ્થળ.** | **છેલ્લી તારીખ અને સમય:-As per Tender Documents સ્થળ:-ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ, બ્લોક નં. ૧૮, ૮મો માળ, ઉધોગભવન,સેક્ટર ૧૧, ગાંધીનગર- ૩૮૨૦૧૧.** |
| બિડ ડોક્યુમેન્ટ ઑનલાઇન જમા કરાવવા માટેનું ઇ-મેઇલ આઇડી | https://gem.gov.in |
| બિડની સિક્યુરિટી (ઇ.એમ.ડી.) | ટેન્ડર-ભાવપત્રક સામાન્ય શરતો : શરત નં : ૧.૨ |
| ઇ.એમ.ડી | ટેન્ડર ભરનાર એજન્સીએ ઇ.એમ.ડી પેટે ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડના નામે ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટથી કવરિંગ લેટર સાથે જમા કરાવવા. |
| ટેક્નીકલ બિડ ખોલવાની તારીખ અને સમય | તારીખ અને સમય :- As per Tender Documents |
| ટેન્ડરની વેલીડીટી | ૧૮૦ દિવસ. |

1. આ ટેન્ડર અંગેની કોઇ પણ ક્વેરી કે પ્રશ્ન માટે નીચે પ્રમાણે સંપર્ક કરવો.

| Sr. No | Name | Address | Phone | Email |
|---|---|---|---|---|
| 1 | Mr. Jwalesh Zaveri<br>Sr. Manager<br>(Admin & Personnel) | Gujarat Infrastructure Development Board (GIDB)<br>Block No-18, 8th Floor, Udyog Bhavan,<br>Sector – 11,<br>Gandhinagar-382011 | Tel: 079 -232 32701<br>Fax: 079-232 22481 | smadmn-gidb@gujarat.gov.in |
| 2 | Mr. Hemant Patel<br>Manager (HR) | Gujarat Infrastructure Development Board (GIDB)<br>Block No-18, 8th Floor, Udyog Bhavan,<br>Sector – 11,<br>Gandhinagar-382011 | Tel: 079 -232 32701<br>Fax: 079-232 22481 | mngr-hr-gidb@gujarat.gov.in |

# પત્રક – ૧ (ટેકનીકલ બીડ)

# ટેન્ડર ભરનાર એજન્સીની વિગતો

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ભરનાર એજન્સીનું નામ | |
| ૨ | ટેન્ડર ભરનાર એજન્સીનું એડ્રેસ (ટેલીફોન નંબર, ફેક્ષ નંબર, ઇ-મેઇલ, વેબસાઇટ સાથે) | |
| ૩ | અધિકૃત પ્રતિનિધિનું નામ અને હોદ્દો | |
| ૪ | ટેન્ડર ભરનાર આ ધંધામાં કેટલા વર્ષનો અનુભવ ધરાવે છે તેની વિગતો (રજીસ્ટ્રેશનની નકલો સાથે મોકલવી) | |
| ૫ | હાલ અન્ય કઇ સંસ્થા / સરકારી સંસ્થા / ઉધોગોમાં પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડ સપ્લાય કરે છે, તેની વિગત (ઓર્ડર / કોન્ટ્રાક્ટ ની કોપી સાથે માહિતી આપવી) | |
| ૬ | એજન્સીનું રજીસ્ટ્રેશન સબંધિત કાયદાઓ હેઠળ કરાયેલ છે, કે કેમ તેની વિગતો... | (૧) રજીસ્ટ્રેશન નં. ____________<br>(૨) પ્રોવિડન્ડ ફંડ નં. ____________<br>(3) ESIC No. ______________________<br>(4) PAN No.____________<br>(5) TAN No____________<br>(6) GST No.___________________<br>(૪) કોન્ટ્રાકટ લાયસન્સ અને તેની માન્યતાનો સમય<br>(ઉપરોકત તમામ પ્રમાણપત્ર / દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ બીડવી) |

**ટેન્ડર ભરનાર એજન્સીના**
**અધિકૃત હોદ્દેદારની સહી અને સિકકો**

# પત્રક – ૨

- ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડમાં હાલમાં ફરજ બજાવી રહેલ પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડનુ અંદાજીત પત્રક.

| | | |
|---|---|---|
| (1) | પટાવાળા(બીન કુશળ) | 16 |
| (2) | સિક્યુરિટી ગાર્ડ (બીન કુશળ) | 6 |

**નોંધઃ**

i) ઉપરોકત સંખ્યા પ્રારંભિક છે. આ સમાન કેડરની સંખ્યામાં પ્રસંગોપાત વધારો-ઘટાડો કરવાની જરૂર પડે તો પસંદગી પામેલ એજન્સીએ નક્કી કરેલ ભાવ સાથે ભવિષ્યમાં જરૂરિયાત મુજબના મેનપાવરની પુર્તતા કરવી.

ii) બીનકુશળ કર્મચારીએ રજાના દિવસે સેવા આપવાની રહેશે નહિ.

iii) પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડ માટે લઘુત્તમ વેતન અને તેના પર મળવાપાત્ર સ્પેશયલ ભથ્થા માટેનો સરકારનો હુકમ / સરકયુલર ની નકલ આ સાથે જાણ સારૂ સામેલ કરવાની રહેશે.

iv) પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડને માસીક એક ભરપગારી રજા મળવા પાત્ર રહેશે.

**ટેન્ડર ભરનાર એજન્સીના**
**અધિકૃત હોદ્દેદારની સહી અને સિકકો**

# પત્રક – 3

## ફાઇનાન્સિયલ બીડ

ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા કલેઇમ કરવામાં આવનાર સર્વિસ ચાર્જીસની વિગત દર્શાવતું પત્રક.
(ટેન્ડર ભરનાર એજન્સીએ **ફાઇનાન્સિયલ રેટ ફક્ત GEM પર જ** ઑનલાઇન ભરવાના રહેશે.)

| ક્રમ | વિગતો | સર્વિસ ચાર્જીસ (એક સેવકની સેવાઓ આપવાના સર્વિસ ચાર્જીસ તરીકે આપવાના રહેશે) ટકા , શબ્દ તથા આંકડામાં સ્પષ્ટ લખવા. | |
|---|---|---|---|
| | | In Figures | In Words |
| ૧ | પટાવાળા (બીન કુશળ) અને સિક્યુરિટી ગાર્ડ (બીન કુશળ) | | |

# ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડ

## 1) ટેન્ડર – ભાવપત્રક અંગેની સામાન્ય શરતો :-

1.1 ભાવપત્રક ભરનારે નિયત નમૂનાના ફોર્મમાં જ વિગતો અને તેના ભાવો આપવાના રહેશે.

1.2 ટેન્ડર ભરનાર એજન્સી દ્વારા ટેન્ડર સાથે ટેન્ડરમાં જણાવ્યા મુજબની ઇ.એમ.ડી. ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડના નામે ગાંધીનગર ખાતે ચુકવવા પાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાની રહેશે.

1.3 ઇ.એમ.ડી. સિવાય રજુ થયેલ ટેન્ડર સ્વીકાર્ય રહેશે નહી, તથા રદ ગણાવામાં આવશે.

1.4 ટેન્ડર જમા કરાવ્યા બાદ કોઈપણ એજન્સી ટેન્ડર પરત ખેંચવા હક્કદાર રહેશે નહીં. તેમજ જમા કરાવેલ ઇ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે.

1.5 બોર્ડ દ્વારા ટેન્ડર અન્વયેની સેવાઓ સોંપવા અંગે નિર્ણય લેવાયા બાદ બીડર એજન્સી દ્વારા કામ કરવાના ઇન્કાર કે અસમર્થતા દર્શાવવાના કિસ્સામાં ઇ.એમ.ડી. જપ્ત કરવામાં આવશે.

1.6 જે એજન્સીના ભાવ બોર્ડ દ્વારા માન્ય કરવામાં આવે તે સિવાયની એજન્સીઓને જપ્ત ન કરાયેલ હોય તેવી ઇ.એમ.ડી.ની રકમ ૬૦ દિવસની મર્યાદામાં પરત કરવામાં આવશે.

1.7 આ ટેન્ડર ડોક્યુમેન્ટ ઓફિસ સમય દરમ્યાન ટેન્ડરમાં નિયત કરાયેલ છેલ્લી તારીખ સુધીમાં રૂબરૂમાં બોર્ડની કચેરીએ

i) **ટેકનીકલ બીડ,**

ii) **અને ઇ.એમ.ડી.**

બન્ને અલગ-અલગ કવરમાં અને તે બન્ને કવરો એક મોટા કવરમાં એક સાથે પહોંચતા કરવાના રહેશે. નિયત થયેલ તારીખ પછી મળેલ ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહી. આ ટેન્ડર સીલબંધ કવરમાં આપવાના રહેશે.

> **<u>ટેકનીકલી ક્વાલીફાય થયેલ એજન્સીના જ ફાઇનાન્સીયલ બીડ બોર્ડ દ્વારા નકકી કરાયેલ કમીટી દ્વારા ખોલવામાં આવશે અને તેનુ મૂલ્યાંકન કરવામાં આવશે.</u>**

> **<u>ટેક્નીકલી ક્વાલિફાય થયેલ બીડરને ત્યારબાદની પ્રોસેસ અંગેની જાણ કરવામાં આવશે.</u>**

1.8 ટેકનીકલ બીડમાં જરૂરી દસ્તાવેજોના પુરાવા સામેલ રાખવાના રહેશે.

1.9 બોર્ડ દ્વારા આ બાબતે નક્કી કરાયેલ સમિતિ અને મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

1.10 પસંદ કરાયેલ એજન્સીએ આ સાથે રજૂ કરેલ કરારના મુસદ્દા પ્રમાણેના કરાર ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ સાથે કરવાના રહેશે. આ કરારની શરતોમાં સુધારા વધારા કરવાની અબાધિત સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી,જીઆઇડીબીની રહેશે.

1.11 માત્ર ઓછા / ન્યુનતમ ભાવ (સર્વીસ ચાર્જ) આપનાર એજન્સીની જ પસંદગી કરવાનો માપદંડ રહેશે નહીં. પસંદગી માટે નિયત સમિતિ જે માપદંડો નકકી કરશે તે આધારે એજન્સી પસંદ કરવામાં આવશે.

1.12 બોર્ડ પાસે ટેકનીકલ સ્ટાફ તેમજ નોન ટેકનીકલ સ્ટાફ માટે એક કરતા વધારે એજન્સી પસંદ કરવાનો અબાધિત અધિકાર રહેશે. તથા આ અંગે એજન્સી દ્વારા હોઇ હક્કદાવો હરી શકાશે નહી.

1.13 પસંદગી પામેલ એજન્સીએ અંદાજે નોન ટેકનીકલ સ્ટાફ માટે ટેન્ડરમા જણાવ્યા મુજબની બેંક ગેરંટી રજુ કરવાની રહેશે.

1.14 નિયત સમય મર્યાદામાં બેંક ગેરંટી અને કરાર નહીં રજુ કરનાર એજન્સીનો આ ટેન્ડર મેળવવાનો અધિકાર રદ ગણાશે અને આ સંજોગોમાં બોર્ડ દ્વારા આ ટેન્ડર એલ–ર કે એલ–૩ એજન્સીને સોંપવા નિર્ણય લેવામાં રહેશે.

1.15 એજન્સી દ્વારા પુરી પાડવામાં આવનાર સેવા બાબતે એજન્સી દ્વારા ઉપલબ્ધ કરાવેલ મેનપાવરની કામગીરી-લાયકાત અને ઉપયોગિતાને ધ્યાને રાખી ચુકવવાપાત્ર રકમ સમયાંતરે નિયત કરવામાં આવશે. જેથી મહેનતાણાંની રકમનો સમાવેશ આ ટેન્ડર હેઠળ કરવામાં આવશે નહી.

1.16 બોર્ડની કામગીરી વિશિષ્ટ પ્રકારની તેમજ સંપુર્ણપણે કાયદા અને નિયમોને આધિન હોઈ આ અંગે સંબંધિત એજન્સી દ્વારા સંપુર્ણ પણે બોર્ડ માટે અમલી કાયદા અને નિયમો અનુસારની કાર્યવાહી કરવાની રહે છે. આથી આ કામગીરી માટે એજન્સી દ્વારા રાખવામાં આવનાર મેનપાવરની પસંદગી માત્ર બોર્ડની પુર્વ મંજુરીને આધીન રહેશે. આ કામગીરી માટે એજન્સી દ્વારા રાખવામાં આવનાર મેનપાવરની કામગીરીનો સમય, કાર્યક્ષેત્ર અને કાર્યપધ્ધતિ બોર્ડ દ્વારા નિયત કર્યા અનુસારની રહેશે. બોર્ડ દ્વારા નિયત કરેલ દરે કામ કરવા સંમત ન હોય તો તેના વિકલ્પે અન્યને સેવાઓ સોંપવા બાબતે એજન્સીએ કાર્યવાહી કરવાની રહેશે. તેમજ એજન્સીએ રાખેલ મેનપાવરને ચુકવવાના મહેનતાણામાં એજન્સી દ્વારા કોઈ ફેરફાર કરવા માંગતી હોય, જેની અસર જો બોર્ડને ચુકવવાની રકમમાં થતી હોય તેવા કિસ્સામાં બોર્ડની પુર્વ મંજુરી ફરજીયાત રહેશે.

1.17 ટેન્ડર ભરનાર એજન્સી જે સેવાઓ અંગે ટેન્ડર ભરવા માંગતી હોય તેને તે સેવા અંગેના ઓછામાં ઓછા ત્રણ વર્ષનો અનુભવ જરૂરી છે.

1.18 બોર્ડની કામગીરીની ગોપનીયતા અને સલામતી બાબતે એજન્સી તથા તેના મેનપાવર દ્વારા બોર્ડ નિયત કરે તે મુજબના બોન્ડ(અન્ડર ટેકીંગ) રજુ કરવાના રહેશે.

1.19 પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડ માટે મેનપાવર પુરુ પાડવા બદલ તેનું ચૂકવણું લઘુત્તમ ધારાની જોગવાઇ મુજબ લઘુત્તમ વેતનદર ચુકવવાનો હોય છે.

1.20 બોર્ડની કામગીરી માટે એજન્સીએ રાખેલ મેનપાવરના નક્કી કરેલ માસિક મહેનતાણાનું ચુકવણું પ્રથમ એજન્સીએ જે-તે કર્મચારીના બેંક ખાતામાં NEFT કે RTGS દ્વારા જ કરવાનુ રહેશે. ત્યારબાદ ચુકવેલ મહેનતાણાનાં બિલ બોર્ડમાં રીમ્બર્સમેન્ટ માટે ચુકવણાના પ્રુફ સાથે રજુ કરવાના રહેશે.

1.21 એજન્સીએ શ્રમ આયુક્તની કચેરી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતા લઘુતમ વેતનદર તમામ સેવકોને ચુકવવાના રહેશે. તથા જે મેનપાવરના કિસ્સામાં ઈ.પી.એફ.(E-PF) અને ઈ.એસ.આઈ.સી (ESIC) ની કપાત કાયદા મુજબ કરવાના થાય, તે એજન્સીએ કપાત કરી ઈ.પી.એફ. (E-PF) અને ઇ.એસ.આઇ.સી જે-તેના ખાતામાં એમ્પ્લોયર કોન્ટ્રીબ્યુશન સાથે જમા કરાવવાના રહેશે. ત્યારબાદ ખાતામાં

જમા કરાવ્યા અંગેના પુરાવા સાથેના બિલ બોર્ડમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ બોર્ડ તેનુ ચુકવણુ કરશે.

1.22 પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડની સર્વિસ મેળવવા બોર્ડ દ્વારા જે સમય નકકી કરવામાં આવે તે સમયે સેવા આપવાની રહેશે.

1.23 બોર્ડની કચેરીની રોજબરોજની વ્યવસ્થાપન અને સફાઈ કામગીરી અન્વયે ફાઈલોના વ્યવ્સ્થાપન, સાફ-સફાઈ, ટપાલ લેવડ-દેવડ, વાહન હાકનાર, સિક્યુરીટી ગાર્ડ તથા અન્ય આનુષાંગિક સેવાઓ પુરી પાડવા માટે એજન્સીએ જરૂરી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ વ્યવસ્થા હેઠળ જે મેનપાવર એજન્સી દ્વારા રાખવામાં આવે તેઓની યોગ્ય શૈક્ષણિક લાયકાત હોય તે અપેક્ષિત છે.

1.24 બોર્ડની કામગીરી માટે એજન્સીએ રાખેલ મેનપાવર પૈકીના કોઈને પણ એજન્સી દ્વારા છુટા કરવાના કે અન્ય કામગીરીમાં ફાળવવા અંગેના નિર્ણય પુર્વે બોર્ડની પુર્વ મંજુરી જરૂરી રહેશે. તથા આવા કિસ્સાઓમાં મંજુરી માટે લઘુત્તમ ૧ માસનો સમયગાળો રાખવાનો રહેશે.

1.25 એજન્સીની ઉક્ત કામગીરીથી ઉદ્દભવેલ કોઈપણ રેકર્ડ, કાગળ, પત્ર અને અન્ય કોઈપણ પ્રકારનું સાહિત્ય/દસ્તાવેજ વિગેરે સંપુર્ણપણે બોર્ડની માલિકીના રહેશે. તથા આ અંગે એજન્સી કે એજન્સીના આ કામે રાખેલ મેનપાવરનો પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ હક્ક રહેશે નહી.

**<u>2) લાયકાત માપદંડ અંગેની શરતો:</u>**

2.1 એજન્સી નું ગાંધીનગર અથવા અમદાવાદ ખાતે કાર્યાલય હોવું આવશ્યક રહેશે. તેમજ એજન્સીની કચેરી ખાતે ટેલીફોન, કોમ્પ્યુટર જેવી સવલતોની વિગતો રજુ કરવાની રહેશે.

2.2 એજન્સી દ્વારા હાલમાં ઓછામાં ઓછા વાર્ષિક રૂ.૨૫ લાખના ચુકવણા અંગેના કોન્ટ્રાકટ હાથ પર હોવા જરૂરી છે. તેમજ એજન્સીનું છેલ્લા ત્રણ પૈકી બે વર્ષનું વાર્ષિક ટર્ન ઓવર લઘુત્તમ રૂ.૧૦૦ લાખ હોવું જરૂરી છે.

2.3 એજન્સી આ મુજબની કામગીરી કરવા માટે સરકાર સાથે રજીસ્ટર્ડ થયેલી હોવી જરૂરી છે.

2.4 એજન્સી પાસે વર્તમાન સ્થિતિએ આ મુજબની કામગીરી માટેના ઓછામાં ઓછા ત્રણ ક્લાયન્ટ હોવા જરૂરી છે.

2.5 એજન્સી ભુતકાળમાં કોઈપણ સરકારી-અર્ધ સરકારી કે ખાનગી સંસ્થા દ્વારા બ્લેકલીસ્ટેડ કે પ્રતિબંધિત થયેલી ન હોવી જોઈએ. તથા તે અંગેનું પ્રમાણપત્ર એજન્સીએ બીડ સાથે રજુ કરવાનું રહેશે.

2.6 એજન્સી દ્વારા **Employees Provident Funds Act, 1952, Goods and Service Tax Act, ESI Act** તેમજ **Professional Tax** હેઠળ જરૂરી નોંધણી કરાયેલ હોવી જરૂરી રહેશે તથા તે અંગેની પ્રમાણિત નકલો બીડ સાથે સામેલ કરવાની રહેશે.

**3) અગત્યની શરતો :-**

3.1 જીઆઇડીબીની જરૂરીયાત પ્રમાણેનુ પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડનુ લીસ્ટ પસંદગી પામેલ એજન્સીને મોકલવામાં આવશે. તેમજ આ લીસ્ટમાં શૈક્ષણિત લાયકાત,અનુભવ અને પગારધોરણ આપવામાં આવશે.

3.2 જીઆઇડીબીની જરૂરીયાત મુજબનુ વિવિધ પોસ્ટ પ્રમાણેનુ લાયકાત ધરાવતુ મેનપાવરનુ લીસ્ટ પસંદગી પામેલ એજન્સીએ તૈયાર રાખવાનુ રહેશે. આ મેનપાવરના પ્રારંભિક ઇન્ટરવ્યુ લઇ તેઓના ડોક્યુમેંન્ટસ એજન્સી દ્વારા ચકાસી ત્યારબાદ બાયોડેટા જીઆઇડીબીમાં મોકલવાના રહેશે. જીઆઇડીબીની જરૂરીયાત પ્રમાણેના મેનપાવર માટે એજન્સીએ એક પ્રોફાઇલ માટે ઓછામાં ઓછા ૫ બાયોડેટા ૭ કાર્યકારી દિવસમાં મોકલવાના રહેશે.

3.3પસંદગી પામેલ એજન્સીએ રજુ કરેલ બાયોડેટા પ્રથમ જીઆઇડીબી દ્વારા શોર્ટલિસ્ટિંગ કર્યા બાદ તેઓના રાખવામાં આવનાર ઇન્ટરવ્યુની જાણ એજન્સીને ૩ દિવસ પહેલા કરવામાં આવશે. અપવાદરૂપ કિસ્સાઓમાં, ઉપરોક્ત સમયગાળો પરસ્પર વાતચીતથી વધારી-ઘટાડી શકાશે. ઇન્ટરવ્યુ માટે શોર્ટલિસ્ટેડ કરેલા મેનપાવરના બાયોડેટા તેમજ બીજા ડોક્યુમેંન્ટસ એજન્સીએ ઇન્ટરવ્યુ પહેલા જીઆઇડીબીમા જમા કરાવવાના રહેશે. તેમજ શોર્ટલિસ્ટેડ થયેલ ઉમેદવારોમાં ઇન્ટરવ્યુ સમયે તેમાંના વધુમા વધુ 50% ઉમેદવાર હાજર રહે તેની તકેદારી એજન્સીએ રાખવાની રહેશે.

3.4 જે સંજોગોમા એજન્સીએ મોકલેલા ઉમેદવારોમાંથી કોઇપણની પસંદગી જીઆઇડીબી બોર્ડ દ્વારા યોગ્યતાના આધાર ઉપર ન કરી હોય તેવા સંજોગોમાં એજન્સીએ ૩.૨ મુજબ બીજા લાયક ઉમદવારોના બાયોડેટા બોર્ડને મોકલવાના રહેશે.

<u>4) અન્ય શરતો</u> :-

4.1 આ ટેન્ડર હેઠળ બોર્ડ વતી તમામ નિર્ણયો કરવા **મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ**ને અધિકૃત રહેશે.

4.2 ટેન્ડરના કોઈપણ ભાગ/શરતના અર્થઘટન અંગેના કોઈપણ વિવાદ બાબતે **મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ બોર્ડનો** નિર્ણય આખરી ગણાશે.

4.3 ટેન્ડર સ્વીકારવા/ ન સ્વીકારવા કે અંશત: સ્વીકારવા બાબતે **મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ**ને અબાધિત અધિકાર રહેશે.

4.4 કોન્ટ્રાકટર એજન્સી તેઓને સોંપેલ કામગીરી કે તેનો કોઈપણ ભાગ અન્ય કોઈ એજન્સીને તબદીલ કે સોંપી શકશે નહી.

4.5 એજન્સી દ્વારા રાખવામાં આવનાર માણસો અંગે જો બોર્ડ દ્વારા કોઈ ડ્રેસ (યુનિફોર્મ) નક્કી કરવામાં આવે તો તે મુજબનો ડ્રેસ કોડ જાળવવાનો રહેશે. જેનો ખર્ચ પ્રથમ એજન્સી દ્વારા ચુકવવામાં આવશે. ત્યારબાદ તેના બિલ બોર્ડમાં રીમ્બર્સમેન્ટ માટે રજુ કરવાના રહેશે.

4.6 બોર્ડની કામગીરી માટે એજન્સીએ રાખેલ મેનપાવરના તમામ ઈસ્યુઝ, દાવાઓ, **(Employment-Non Employment)** નોકરીની શરતો તમામ બાબતો અંગે એજન્સી જવાબદાર રહેશે.

4.7 સલામતી સેવા વિષયક બાબતે એજન્સીએ રાખેલ માણસો દ્વારા બોર્ડ એ આપેલ સુચના અનુસાર સતત સુપરવિઝન કરે તે મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.

4.8 બોર્ડ ટેન્ડર અન્વયેની શરતો કોઈપણ જાતની કોઈપણ પુર્વ નોટીસ સિવાય બદલવા સ્વતંત્ર રહેશે. તથા તેની જાણ એજન્સીને કરવામાં આવશે.

4.9 એજન્સી દ્વારા બોર્ડની કામગીરી માટે રાખેલ મેનપાવરને આઈકાર્ડ એજન્સીએ પોતાના ખર્ચે ફરજીયાત ઉપલબ્ધ કરાવવાના રહેશે.

4.10 એજન્સીના મેનપાવરે કરેલ કામગીરી અન્વયે કોઈપણ સંજોગોમાં બોર્ડના કર્મચારી હોવાના કોઈપણ હક્કદાવો કરી શકશે નહી. તેમજ બોર્ડમાં નોકરી મેળવવા બાબતે કોઈપણ હક્કદાવો કરી શકશે નહી. એજન્સી દ્વારા આ મુજબનું બાંહેધરી પત્રક સંબંધિતો પાસેથી મેળવી બોર્ડને રજુ કરવાનું રહેશે.

4.11 એજન્સી દ્વારા ટેન્ડર વાંચી અને સમજીને ભરેલ છે. તે બદલ નિયત ટેન્ડરના દરેક પાના પર સહી/સિક્કા કરવાના રહેશે. તે મુજબનું ટેન્ડર બીડ સ્વરૂપે પરત કરવાનું રહેશે.

4.12 એજન્સી દ્વારા બીડ સાથે રજુ કરવાની અને રજુ કરેલ વિગતો સંપુર્ણ સાચી જ દર્શાવવાની રહેશે. તથા કોઈપણ ખોટી/અર્ધ સત્ય કે છુપાવેલ માહિતી બદલ એજન્સી ગેરલાયક ઠરશે અને બોર્ડના નિર્ણય તેને લાગુ પડશે.

4.13 આ કામગીરીની સમયમર્યાદા 2 વર્ષની રહેશે. વધુમાં બોર્ડને યોગ્ય લાગશે તો કામગીરી વધુ 2 વર્ષ લંબાવી શકશે. આ પ્રમાણે વધુમા વધુ 4 વર્ષ સુધી એજન્સીની સેવા લંબાવી શકશે.

4.14 બોર્ડે રજુ કરેલ ઉપરોક્ત તમામ શરતોને આધિન એજન્સીએ ટેન્ડર ભરવાનુ રહેશે. એજન્સી દ્વારા કોઈપણ પ્રકારની વ્યક્તિગત શરતો સામેલ કરેલ હોય તેવું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

- **બાંહેધરી :-**

**આથી હું.............................................................. જાહેર કરુ છું કે ....................................................................(એજન્સીનું નામ) વતી આ ટેન્ડર ડોક્યુમેન્ટ પર................................... (હોદ્દો) ની રુએ ટેન્ડરની શરતો સ્વીકારવા અને સહી કરવા અધિકૃત છું તેમજ આ ટેન્ડરની તમામ શરતો અને નિયમો વાંચેલ છે. તથા તે બદલ સમજી વિચારી અને સહી કરેલ છે.**

**ટેન્ડર ભરનાર એજન્સીના**
**અધિકૃત હોદ્દેદારની સહી અને સિકકો**

# <u>કરારનામુ :-</u>

**એક તરફવાળા:** **<u>ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ</u>**
**જીઆઇડીબી (બોર્ડ)**

**બ્લોક નં.૧૮, ૮મો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર.**

**બીજી તરફવાળા:**
**(એજન્સી)**

આથી અમો ______________________**<u>(એજન્સીનુ નામ)</u>** સોગંદપુર્વક લખી આપીએ છીએ કે, અમે ગાંધીનગર/અમદાવાદ ખાતે રહી જુદા જુદા સ્તરે વ્યક્તિ, સંસ્થા, કચેરી કે અન્યને જરૂરીયાત મુજબ પટાવાળા અને સિક્યુરિટી ગાર્ડ માટે ગુજરાતના ગમે તે સ્થળે સેવાઓ પુરી પાડીએ છીએ. તે મુજબ અમોએ તે એક તરફવાળા, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડે બીજી તરફવાળાને સદર સેવા આપવા અમો એક તરફવાળએ રજુઆત કરતા તા. ____________થી સેવા આપવાનું ચાલુ કરવા અમો એક તરફવાળા, **ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડને** લખી આપનાર તે બીજી તરફવાળા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ, ગાંધીનગરને લખાવી લેનાર સાથે સદર મુજબ કરારબધ્ધ થવા અમો બંધાઈએ છીએ. કરારની શરતો નીચે મુજબ રહેશે.

<u>1.કામગીરીનું સ્વરૂપ અને કાર્યક્ષેત્ર :-</u>

1.1 ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડમાં એજન્સીએ બોર્ડ માટે અમલી, કાયદા અને નિયમો અનુસારની કામગીરી કરવાની રહેશે.

1.2 બોર્ડની વિવિધ કામગીરી માટે એજન્સીએ રાખેલ મેનપાવરની પસંદગી બોર્ડની પુર્વ મંજુરીને આધીન રહેશે. તથા બોર્ડની વિવિધ કામગીરી માટે એજન્સીએ રાખેલ મેનપાવરનો સમય, કાર્યક્ષેત્ર અને કાર્યપધ્ધતિ તેમજ અન્ય બાબતો બોર્ડે નિયત કર્યા અનુસારની રહેશે.

1.3 એજન્સીએ બોર્ડની જરૂરિયાત મુજબની યોગ્ય લાયકાત ધરાવતુ મેનપાવર રાખવાનું રહેશે તથા વિવિધ પોસ્ટ પ્રમાણે કામગીરી કરનારની શૈક્ષણિક લાયકાત અને યોગ્યતા બોર્ડ કે તેના અધિકૃત અધિકારીની મંજુરી અનુસારની હોવી જરૂરી રહેશે.

1.4 એજન્સીએ બોર્ડની કામગીરી કરવા માટે રોકેલ મેનપાવરને ચુકવવાપાત્ર મહેનતાણાં અંગે બોર્ડ વિવિધ કામગીરીને અનુરૂપ દર નક્કી કરશે.

1.5 શરત નં.૧.૪ મુજબ ચુકવવાપાત્ર રકમ સિવાય કાયદાકીય અન્ય રકમ જો ચુકવવાની જવાબદારી થાય તો પ્રથમ એજન્સીએ બોર્ડની મંજુરી લઇ રકમ ચુકવવાની રહેશે. જે બોર્ડ દ્વારા રીમ્બર્સ કરવામાં આવશે.

1.6 અનિયમિત, અશિસ્ત ધરાવનાર, અવ્યવહારૂ, બદઇરાદો ધરાવતા કર્મચારીને તાત્કાલિક દુર કરવાની સત્તા બોર્ડ તરફથી નિમાયેલા અધિકૃત અધિકારીની રહેશે જેની સામે તાત્કાલિક અન્ય કર્મચારી એજન્સીએ પુરા પાડવાના રહેશે.

1.7 બોર્ડમાં એજન્સીએ રોકેલ મેનપાવર માટેના મહેનતાણા દર માસની ૧ થી ૫ તારીખ સુધીમાં પ્રથમ એજન્સીએ જે-તે કર્મચારીના ખાતામાં એન.ઈ.એફ.ટી.**(NEFT)**/આર.ટી.જી.એસ.**(RTGS)**થી જમા કરાવવાના રહેશે. ત્યારબાદ એજન્સીએ કરેલ ચુકવણાના પત્રકની નકલ તથા હાજરીપત્રકની પ્રમાણિત નકલ બિલ સાથે રજુ કરવાની રહેશે. બિલ મળ્યેથી ચકાસણી બાદ બોર્ડ તેનું ચુકવણું મજરે કરશે.

1.8 એજન્સીની સેવાના એકંદર કુલ મહેનતાણાના ______% બોર્ડે એજન્સીને સેવા પુરી પાડી તેના સુપરવીઝન તેમજ સેવામાથી ઉદ્દભવતી જવાબદારીઓ અંગે ચુકવવાના રહેશે. આ સિવાય કોઈ અન્ય નાણાકીય લાભ એજન્સીને મળવાપાત્ર રહેશે નહી.

1.9 એજન્સીએ શ્રમ આયુક્તની કચેરી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતા લઘુતમ વેતનદર તમામ સેવકોને ચુકવવાના રહેશે. તથા જે મેનપાવરના કિસ્સામાં ઈ.પી.એફ.**(E-PF)** અને ઈ.એસ.આઈ.સી**(ESIC)** કપાત કરવાના થાય તે એજન્સીએ કપાત કરી ઈ.પી.એફ. **(E-PF) અને ઇ.એસ.આઇ.સી(ESIC)** જે-તે કર્મચારીના ખાતામાં એમ્પ્લોયર કોન્ટ્રીબ્યુશન સાથે જમા કરાવવાના રહેશે. ત્યારબાદ ખાતામાં જમા કરાવ્યા અંગેના પુરાવા પછીના માસમાં રજુ કરવાના રહેશે. ત્યારબાદ આગળની કાર્યવાહી બોર્ડ કરશે.

1.10 એજન્સીએ રજુ કરેલ બિલમાંથી ઈન્કમટેક્ષના કાયદા હેઠળના અને જી.એસ.ટી.**(GST)**ના કાયદા હેઠળ નિયમ અનુસાર ટી.ડી.એસ.**(TDS)**ની કપાત કરવાની રહેશે. આ કપાત કરેલ ટી.ડી.એસ.**(TDS)**ને કાયદાકીય નિયમ મુજબની સમય મર્યાદામાં એજન્સીએ જે-તેના પાન**(PAN)**માં જમા કરાવવાનો રહેશે. તથા જમા કરાવેલ ટી.ડી.એસ.**(TDS)**ના આધાર સહિતના પુરાવા બોર્ડને જમા કરાવવાના રહેશે. તથા ફોર્મ ૧૬-A/૧૬ ઈસ્યુ કરી જે તે કર્મચારીને આપવાનું રહેશે. અને આ સિવાય વખતોવખત કાયદાકીય નિયમમાં જે ફેરફાર થાય અને બિલમાંથી ટી.ડી.એસ.**(TDS)** કપાત કરવાનો થાય તો તે પ્રમાણે કપાત કરવામાં આવશે.

1.11 એજન્સીએ રાખેલ મેનપાવર પૈકીના કોઈ બોર્ડે નક્કી કરેલ નિયતદરે કામ કરવા સંમત ના હોય તો તેના વિકલ્પે અન્યને સેવા સોંપવા બાબતે એજન્સીએ કાર્યવાહી કરવાની રહેશે.

1.12 બોર્ડની કામગીરી માટે એજન્સીએ રાખેલ મેનપાવર પૈકીના કોઈને પણ એજન્સીએ છુટા કરવાના કે અન્ય કામગીરી ફાળવવા અંગેના નિર્ણય પુર્વે બોર્ડની પુર્વ મંજુરી મેળવવાની રહેશે. તથા આવા કિસ્સામાં મંજુરી માટે લઘુત્તમ ૧ માસનો સમય રાખવાનો રહેશે.

1.13 એજન્સીની કામગીરીથી ઉદ્દભવેલ કોઈપણ કાગળ, રેકર્ડ, પત્ર કે અન્ય કોઈપણ સાહિત્ય /દસ્તાવેજ વગેરે સંપુર્ણપણે બોર્ડની માલિકીના રહેશે. તથા આ અંગે એજન્સી કે તેમના દ્વારા રાખેલ કર્મચારીનો પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ હક રહેશે નહી.

1.14 બોર્ડની કામગીરી માટે એજન્સીએ રાખેલ કર્મચારીને ચુકવવાના મહેનતાણામાં એજન્સી કોઈપણ ફેરફાર કરવા માંગતી હોય, જેની અસર જો બોર્ડને ચુકવવાની રકમમાં થતી હોય તો તેવા કિસ્સામાં બોર્ડની પુર્વ મંજુરી ફરજીયાત રહેશે.

1.15 બોર્ડની કચેરી અને તે કચેરી હેઠળના વિસ્તારોની રોજબરોજની કામગીરી માટે એજન્સીએ નિયત વ્યવસ્થા ગોઠવવાની રહેશે. બોર્ડની કામગીરી માટે એજન્સીએ અલગ મેનપાવર રાખવાનું રહેશે. તથા તે અંગેની યાદી બોર્ડને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

1.16 બોર્ડની કચેરી વ્યવસ્થાપન હેઠળ એજન્સીએ કચેરીની ફાઈલો ગોઠવવી, કામગીરી/અધિકારીની સુચના અનુસાર ફાઈલો મોકલવી, કચેરીની ટપાલ લાવવી-લઈ જવી તેમજ યોગ્ય સ્થળે પહોંચાડવી, કચેરીના ટેબલ-ખુરશી-કોમ્પ્યુટર્સ પ્રિન્ટર તથા અન્ય તમામ સાધનોની સાફ-સફાઈ, કચેરીની વિજળીક વ્યવસ્થા સાચવવી, લાઈટ-પંખા, એ.સી. વગેરે યોગ્ય સમયે ચાલુ કરવા-બંધ કરવા, કર્મચારી/અધિકારીઓ માટે પાણીની વ્યવસ્થા, કચેરીના સાધનો ડેડસ્ટોક હેરફેરની કાર્યવાહી, કચેરીના વાહન હંકારવા, ટેલીફોન ઓપરેટર, રેકર્ડકીપીંગ વગેરે તેમજ બોર્ડના અધિકારીશ્રી સુચવે તે મુજબની કાર્યવાહી એજન્સીએ કરવાની રહેશે.

1.17 એજન્સીએ ફરજ પર મુકેલ માણસોની દેખીતી રીતની બેકાળજી માટે થયેલ નુકશાન ભરપાઈ કરવાનું રહેશે.

1.18 એજન્સીએ બોર્ડની કામગીરી માટે રોકેલ મેનપાવરના ઓળખપત્ર તેઓના ખર્ચે બનાવી આપવાના રહેશે.

1.19 એજન્સીએ રોકેલ સેવકને ફરજ બજાવતાં શારીરિક તકલીફ અથવા શારીરિક ક્ષતિ થાય તો તે અંગેની તમામ નાણાકીય/વહીવટી જવાબદારી એજન્સીની રહેશે. જે એજન્સીએ સેવકને મજરે આપવાની રહેશે.

**2.સામાન્ય શરતો** :-

**2.1** બોર્ડ નિયત કરેલ તે મુજબની **નોન ટેકનીકલ સ્ટાફ માટે ટેન્ડરમાં જણાવ્યા મુજબની રૂ.3,00,000/-ની બેંક ગેરંટી** જીઆઇડીબીની ફેવરમાં એજન્સીએ રજુ કરવાની રહેશે. ભવિષ્યમાં બોર્ડ દ્વારા સુચવવામાં આવતા હાલ જમા કરેલ બેંક ગેરંટી ઉપરાંત વધારાની રકમની બેંક ગેરંટી પુન: જમા કરાવવાની રહેશે. એજન્સીએ રાખેલ કર્મચારીનો પગાર કરવામાં તે વિલંબ કરે તેવા સંજોગોમાં બોર્ડ એજન્સી દ્વારા અપાયેલ બેંક ગેરંટી વટાવી કર્મચારીના પગારનું ચુકવણું કરશે. ત્યારબાદ એજન્સીએ પુન: બેંક ગેરંટી બોર્ડ નક્કી કરે તે મુજબની દિન ૧૦માં રજુ કરવાની રહેશે. આ શરતોનો ભંગ થયે બોર્ડ આ કરારનો અંત લાવી શકશે.

**2.2** આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણે શરતોના અર્થઘટન માટે કોઈપણ વિવાદ ઉભો થશે. તો બોર્ડની કચેરીના મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**2.3** આ કરાર નીચે સહી કરનાર બંને પક્ષકાર વચ્ચે તા.____________થી અમલમાં આવે તે રીતે 2 વર્ષની મર્યાદા માટે રહેશે. છતાં એજન્સીની કામગીરી સંતોષકારક હોય અને સક્ષમ સત્તાને યોગ્ય લાગે તો બંને પક્ષકારોની સંમતિથી આ કરાર વધુ 2 વર્ષ માટે લંબાવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડની રહેશે. પરંતુ આ કરારમાં કોઈપણ જોગવાઈ હોવા છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

**2.4** બોર્ડ આ કરાર કોઈપણ કારણ આપ્યા સિવાય ગમે તે સમયે રદ કરવા અથવા ટુંકાવી નાખવા સક્ષમ રહેશે.

**2.5** આ કરાર બંને પક્ષકારોને કબુલ-મંજુર અને બંધનકર્તા છે અને તેની સાબિતીરૂપે નીચે જણાવેલ સાક્ષીઓએ રૂબરૂ સહીઓ કરી છે.

આજ રોજ તા.   /   /૨૦૨૫ અમોએ રાજીખુશીથી સમજી વિચારી સંપુર્ણ સભાને, વિના કેફે વાંચી-સમજીને સહી કરેલ છે.

| | |
|---|---|
| **એક તરફવાળા** | **બીજી તરફવાળા** |
| ............................................................ | ............................................................ |
| **નામ:** | **નામ:** |

હોદ્દો: હોદ્દો:

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ બોર્ડ
ગાંધીનગર.

એજન્સી

સાક્ષીઓની સહી :

(૧) .................................................. (૨) ..............................................

નામ: નામ:

હોદ્દો: હોદ્દો: